# રાજ્યના મંત્રીઓ મંદિરમાં જઈને સાધુ અને સંતોના આશીર્વાદ લેશે

**ત્રીજી જુલાઇએ ગુરૂ પૂર્ણિમા હોવાથી સરકારે કેબિનેટ મંત્રીઓને આદેશ કર્યો છે, આમ પણ વિધાનસભાની ચૂંટણી માટે આશિષ મહત્વના બનશે**

**(વિશેષ પ્રતિનિધિ)** ગાંધીનગર, તા.૩૦

ગુરૂ પૂર્ણિમાના દિવસે રાજ્ય મંત્રીમંડળના તમામ સભ્યોને મંદિરોમાં જઈને સાધુ સંતોના આશીર્વાદ લેવાની વિનંતી કરવામાં આવી છે. આમ પણ વિધાનસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે ગુરૂના આશીર્વાદ મહત્વના બની રહે છે.

અષાઢ મહિનાની પૂર્ણિમાને ગુરૂ પૂર્ણિમા તરીકે ઉજવવામાં આવે છે. આ પૂજાનું ખાસ મહત્વ હોય છે. આપણા દેશમાં આ તહેવાર શ્રદ્ધા અને ભાવથી ઉજવાય છે.

પ્રાચીન સમયમાં જ્યારે વિદ્યાર્થીઓ ગુરૂના આશ્રમમાં મફત શિક્ષા મેળવતા હતા ત્યારે તેઓ પોતાના ગુરૂનું પૂજન કરીને શક્તિ પ્રમાણે દક્ષિણા આપતા હતા.

મર્યાદા પુરુષોત્તમ રામ પોતાના શિક્ષાગુરૂ વિશ્વામિત્ર પાસે બહુ સંયમ, વિનય અને વિવેકથી રહેતા હતા. એકલવ્યએ દ્રોણને ગુરૂ માન્યા હતા. આજના સમયમાં રાજકીય નેતાઓ પણ સાધુ-સંતોને વધારે મહત્વ આપતા હોય છે.

ભારતના રાજકારણીઓ માટે પહેલાં ચંન્દ્રાસ્વામી ગુરૂ હતા. કોંગ્રેસના કેટલાક નેતાઓને તેઓ રાજકીય સલાહ આપતા હતા. ત્યારપછી તો ઘણાં રાજકીય પંડિતો આવીને ગયા જેમની સલાહ પ્રમાણે પગલાં ભરવામાં આવતા હતા.

ગુજરાતમાં કોઈ રાજકીય નેતા એવો નહીં હોય કે જે શ્રદ્ધામાં માનતો ન હોય...પ્રત્યેકને કોઈને કોઈ ગુરૂ અવશ્ય છે. બાધા-આખડી અને દોરા-ધાગા પહેરવાનું આજે પણ ચાલે છે. કોઈ નેતા અંબાજી માતાના ભક્ત છે તો કોઈ સોમનાથ અને કોઈ દ્વારકાધીશના ભક્ત છે.

સૌરાષ્ટ્રના રાજકારણીઓ બાપા સિતારામને વધારે માને છે. કેટલાક નેતાઓ મોરારી બાપુ, આસારામ બાપુ અને અન્ય સાધુ-સંતોના આશીર્વાદ લેતા હોય છે. ગુજરાતના મંત્રીમંડળના સભ્યોને સરકારે આદેશ કર્યો છે કે તેઓ મંદિર કે આશ્રમમાં જઈને સાધુ-સંતોને પગે લાગે અને તેમના આશીર્વાદ મેળવે.

આમ પણ વિધાનસભાની ચૂંટણી ડિસેમ્બરમાં આવતી હોવાથી બન્ને પક્ષના રાજકીય નેતાઓ, ધારાસભ્યો અને ભાવિ ઉમેદવારો ગુરૂ પૂર્ણિમાના દિવસે સાધુ-સંતોના આશીર્વાદ લેવા અચૂક જશે, તેમાંય વળી મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનો આદેશ હોવાથી કોઈ મંત્રી ઈન્કાર પણ કરી શકે તેમ નથી.



ગાંધીનગરમાં પીવાના પાણીની વિતરણ વ્યવસ્થા વધુ ઘનિષ્ઠ બનાવાઈ રહી છે. ખાસ કરીને નવા ગાંધીનગરમાં સરિતા ઉદ્યાન અને સેક્ટર-૫ની પાણીની ટાંકી દ્વારા નવા સેક્ટરોમાં પાણીનો પુરવઠો વધુ દબાણથી અપાય તેવા આયોજનના ભાગરૂપે વિશાળ પાણીની પાઈપલાઈનો નંખાઈ રહી છે. ઘ-૩ સર્કલ પાસે પાઈપ લાઈન નાંખવાનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. (તસવીર : દિપક જાની)

# ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીના ચેરમેનપદે દિલીપસિંહ ચૌહાણ

ગાંધીનગર, તા.૩૦



ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની આજે મળેલ બેઠકમાં નવા વર્ષના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં ચેરમેન પદે શ્રી દિલીપસિંહ, વાઈસ ચેરમેન પદે શ્રી તેજાભાઈ દેસાઈ, મેનેજીંગ ડિરેકટર પદે શ્રી સુરેશભાઈ મહેતા, જોઈન્ટ મેનેજીંગ ડિરેકટર પદે શ્રી મંગળદાસ પટેલ, દૂધ સમિતિના ચેરમેન પદે શ્રી કે.સી. શાહ અને હિસાબ સમિતિમાં શ્રી રીટાબા વાઘેલાની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

# શહેર કોંગ્રેસ સમિતિનું વિસ્તરણ કરાયું

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિના વર્તમાન માળખાનું વિસ્તરણ કરવામાં આવ્યું છે. પ્રદેશ પ્રમુખ શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાની સૂચનાને પગલે આ વિસ્તરણ કરવામાં આવ્યું છે.

શહેર કોંગ્રેસ પ્રમુખશ્રી મુકેશ પટેલના જણાવ્યાનુસાર વિસ્તરણમાં નવા ૪ ઉપપ્રમુખ, પાંચ મહામંત્રી, ૪ મંત્રી અને કારોબારીમાં ત્રણ નવા સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

શહેર સંગઠનના વિસ્તરણમાં સમાજના તમામ વર્ગ અને જ્ઞાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

# બાળમેળામાં હાઈવોલ્ટેજ લાઈનના જંકશન પર પહેરો ગોઠવાશે

**નરોડાની ઘટના બાદ ગાંધીનગર બાળમેળામાં ફાયરબ્રિગેડે આકસ્મિક ચકાસણી હાથ ધરી : તમામ રાઈડ્સ બહાર એક્સ્ટીંગ્યુઝર લગાવવા આદેશ**

ગાંધીનગર, તા. ૩૦

નરોડાના બાળમેળામાં કરંટ લાગવાથી માસુમ બાળકનું મોત નિપજવાની કરૂણ ઘટના બાદ ગાંધીનગરમાં શરૂ થયેલી બાળનગરીની ફાયરબ્રિગેડના તંત્રએ આકસ્મિક તનાવ હાથ ધરી સંચાલકોને જરૂરી કડક સૂચના આપી દીધી છે. સે. ૬ના મેદાનમાં શરૂ થયેલા બાળ મેળામાં તમામ રાઈડ્સ બહાર એક્સ્ટીંગ્યુઝર તેમજ હાઈવોલ્ટેજ લાઈન પસાર થતી હોય તેવા જંકશન પર સતત માણસ ઉભો રાખવા ફાયર ઓફીસરે કડક સૂચના આપી છે.

નરોડામાં બાળ મેળામાં કરંટ લાગવાથી માસુમનુ મોત થયા બાદ મેળાના સંચાલકો દ્વારા આ ઘટનાને છુપાવવા બાળકના મૃતદેહને પાલનપુરમાં દાટી દીધો હોવાનો શરમજનક અને નિર્દયી કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આવા સંજોગોમાં ગાંધીનગર ખાતે શરૂ થયેલી બાલનગરીમાં પણ કોઈ માસુમનો જીવ ન લેવાય તે માટે તંત્ર હરકતમાં આવ્યું છે. જેના પગલે ગાંધીનગર ફાયરઓફિસર મહેશ મોડે આજે તેમના સ્ટાફ સાથે મેળાના સ્થળે ઓચિંતી તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન તેમણે મેળામાં સ્થિત તમામ રાઈડ્સ બહાર ફાયર એક્સ્ટીંગ્યુઝર લગાવવા સંચાલકોને આદેશ આપ્યો હતો. આ ઉપરાંત મેળાના સ્થળે હાઈવોલ્ટેજ લાઈન પસાર થતી હોય તેવા જંકશન પર માણસની સતત વોચ ગોઠવવા પણ કડક સૂચના આપી હતી. વધુમાં મેળામાં સ્ટવ, ગેસ સિલિન્ડર અને મીણબત્તી જેવી ચીજવસ્તુનો ઉપયોગ નહિ કરવા પણ સંચાલકોને સૂચના આપી છે.

# કેશુભાઈ સામે પગલાં લેવા અંગે પ્રદેશ ભાજપ મૌન પણ હાઈકમાન્ડની નજર

ગાંધીનગર, તા.૩૦

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલની પાર્ટી છોડવાની તૈયારી સામે પ્રદેશ ભાજપના નેતાઓ સમસમીને બેઠાં છે પરંતુ તેમની સામે પગલાં લેવાનો કોઈ નેતા ઈશારો આપતા નથી.

વિધાનસભાની ચૂંટણીમાં ભાજપનું એક જૂથ છૂટું પડીને કેશુભાઈની સૂચિત પાર્ટીમાં જોડાય તેનાથી ભાજપને નુકશાન છે છતાં પ્રદેશકક્ષાએથી શિસ્તભંગના કોઈ પગલાં લેવાનું નક્કી કરવામાં આવ્યું નથી. જો કે કેશુભાઈ પાર્ટીના સિનિયર લીડર હોવાથી તેમનો નિર્ણય હાઈકમાન્ડ ઉપર છોડવામાં આવ્યો હોવાનું સમજી શકાય છે.

રાજ્યમાં નવી પાર્ટીનો ઉદય થઈ રહ્યો છે અને તેનું નેતૃત્વ કેશુભાઈ પટેલ કરવાના છે. તેમની સાથે પૂર્વ કેન્દ્રીય મંત્રી કાશીરામ રાણા, એમજેપીના પ્રમુખ ગોરધન ઝડફિયા સહિતના અસંતુષ્ટ નેતાઓ જોડાવાના છે.

કેશુભાઈ સામે પાર્ટી પગલાં લેશે કે નહીં તે પ્રશ્ન પેચિદો છે પરંતુ કેશુભાઈએ પાર્ટી છોડવાનું મન બનાવી લીધું છે. પ્રદેશ નેતાગીરી એવું માને છે કે તેઓને સસ્પેન્ડ કરવાની કોઈ ભલામણ કરવામાં આવશે નહીં.

કેશુભાઈ શું કરી રહ્યાં છે અને શું કરવાના છે તેની માહિતીથી હાઈકમાન્ડને વાકેફ કરવામાં આવી રહ્યું છે. કેશુભાઈ તરફથી આપવામાં આવેલા ઈન્ડિકેશનને પાર્ટીના રાષ્ટ્રીય નેતાઓ ધ્યાનથી જોઈ રહ્યાં છે, પણ તેમની સામે શિસ્તભંગના પગલાં લેવાનું હજી સુધી તબક્કે નક્કી કર્યુ નથી.

પ્રદેશના એક અગ્રણીએ કહ્યું હતું કે કેશુભાઈ પટેલને સસ્પેન્ડ કરીને પાર્ટી તેમને હિરો બનાવવાના મૂડમાં નથી, પણ તેમના નવી પાર્ટીના આંદોલનને નિષ્ફળ બનાવવાના પ્રયાસો થઈ રહ્યાં છે.

ભાજપના હાલના ધારાસભ્યોને એટલી રાહત મળી છે કે ગુજરાતના બદલાયેલા રાજકારણમાં તેમને ફરીથી ટીકીટ નહીં મળવાની સંભાવના ઘટી ગઈ છે. એટલે તેઓ ખુશ છે. ઉમેદવાર પસંદગીને હજી વાર છે ત્યારે વર્તમાન ધારાસભ્યો ચૂંટણી તૈયારીમાં લાગી જવાના આદેશની રાહ જોઈને બેઠાં છે.

જુલાઈ મહિનામાં કેશુભાઈના આઠ મોટા સંમેલનો થવાના છે ત્યારે પ્રદેશ અને દિલ્હીના નેતાઓની તેમની ઉપર નજર છે. સંમેલનોમાં આક્રમકતા જોયા પછી હાઈકમાન્ડ શિસ્તનો કોરડો વિંઝે તેમ મનાય છે, કારણ કે કેશુભાઈ પટેલ ૨૪મી જુલાઈ પહેલાં ભાજપ છોડવાના મૂડમાં નથી.

**જુલાઇમાં સંમેલનોની આક્રમકતા જોયા પછી દિલ્હીના નેતાઓ શિસ્તનો પરચો બતાવે તો નવાઇ નહીં:નવી પાર્ટીના કારણે ધારાસભ્યોને રાહત**

# મહાનગર ભાજપ યુવા મોરચાના સંમેલનમાં કોંગ્રેસના ભ્રષ્ટ શાસનની આકરી ટીકાઓ

ગાંધીનગર, તા. ૩૦



કોંગ્રેસના શાસનમાં આતંકવાદ, નક્સલવાદ તેમજ ભ્રષ્ટાચાર વકર્યો હોવાનો આક્ષેપ પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ પ્રદિપસિંહ વાઘેલાએ કર્યો હતો.

ગાંધીનગર શહેર યુવા મોરચાના સંમેલનને સંબોધતાં શ્રી વાઘેલાએ જણાવ્યું હતું કે મોંઘવારી એ કોંગ્રેસના નીતિ વિહોણા શાસનની દેણ છે. તેમણે જણાવ્યું હતું કે એન.ડી.એ. દ્વારા દેશને સુશાસન પુરૂ પાડવામાં આવ્યું હતું. તેમણે એન.ડી.એ.ના શાસન અને આજના શાસનની તુલના પણ પ્રવચન દરમ્યાન કરી હતી.

બાંગ્લાદેશીઓની વધતી જતી ઘુસણખોરી અંગે ચિંતાની લાગણી વ્યક્ત કરતાં તેમણે જણાવ્યુ હતુ કે જે રીતે સીમા પારની ઘુસણખોરી ચાલી રહી છે તે અટકાવવામાં નહિ આવે તો દેશની કાયદો અને વ્યવસ્થા સામે આગામી દિવસોમાં અનેક પ્રશ્નાર્થો ઉભા થશે. તેમણે કારગીલના શહીદોની જમીન હડપ કરવામાં પણ કોંગીઓએ શરમ નથી અનુભવી તે અંગે દુઃખ વ્યક્ત કર્યુ હતું.

તેમણે જણાવ્યુ હતુ કે કોંગ્રેસના વર્તમાન શાસનમાં ભ્રષ્ટાચારે માઝા મુકી છે. યુ.પી.એ.ના મંત્રીઓને રાજીનામા આપવાની ફરજ પડી રહી છે. આગામી દિવસોમાં યુવાનો માટેના પક્ષ અને સરકાર દ્વારા આપવામાં આવનારા કાર્યક્રમોમાં હોંશભેર જોડાવા તેમજ તેમાં વધુ સક્રિય ભૂમિકા ભજવા જણાવ્યું હતું.

તેમણે યુથ એમ્પાવરમેન્ટ અને વિવેકાનંદ જયંતિના કાર્યક્રમોમાં પણ જોડાવા માટે યુવાનોને આહ્વાન કરી જણાવ્યું હતું કે આ કાર્યક્રમો

● અનુસંધાન પાન-૭ પર

Available on Rent
2 & 3 BHK
in Swagat Rainforest-II, Kudasan-Gandhinagar
Contact
94280 47473
93743 34171

# ઓઢવની એક બેંકમાંથી ૧૧ લાખની સનસનાટીભરી લુંટ

**કેશીયર અને મેનેજરને બેંકમાં જ ગોંધી રાખ્યા : બેંકમાં ઘુસી આવેલા ત્રણ બુકાનીધારીઓએ લુંટ ચલાવી**

અમદાવાદ, તા.૩૦

ઓઢવ જીઆઈડીસી ખાતેના રઘુવીર કોમ્પ્લેક્ષમાં આવેલી રઘુવીર કોમ્પલેક્ષમાં આવેલી કેનેરા બેંકમાં ઘુસી આવેલા ત્રણ બુકાની ધારી લુંટારૂઓ ૧૧ લાખની સનસનાટી ભરી લુંટ ચલાવી ફરાર થઈ ગયાહતા. ઘટનાની સનસનાટી ભરી લુંટ ચલાવી ફરાર થઈ ગયાહતા. ઘટનાને પગલે ઓઢવ પોલીસ મથકનો કાફલો તાબડતોબ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ઘટનાની વિગતવાર માહિતી એવી છે કે ઓઢવ જીઆઈડીસી રઘુવીર કોમ્પ્લેક્ષના બીજા માળે કેનેરા બેંક આવેલી છે. આજે બપોરના સુમારે બેંકમાં મેનેજર અને કેશીયર સહિત પાંચ જેટલી વ્યક્તિઓ હાજર હતી. દરમિયાનમાં ત્રણ બુકાનીધારી શખ્સો અચાનક બેંકમાં ઘુસી આવ્યા હતા અને રિવોલ્વર બતાવી બેંક કર્મચારીઓને ધમકી આપી હતી. જેથી હાજર બેંક કર્મચારીઓ ભયભીત બની ગયા હતા. બાદમાં બે લુંટારુઓએ હાજર તમામ કર્મચારીઓને દિવાલ સાથે ઉંધા મોઢે ઉભા રાખી દીધા હતા. જ્યારે ત્રીજા શખ્સે કેશીયર પાસેથી રોકડ રકમ રૂપિયા ૧૧ લાખ પોતાની બેગમાં ભરી લીધી હતી. બાદમાં લુંટારુઓ ફરાર થઈ ગયા હતા. ઘટનાની જાણ ઓઢવ પોલીસને કરાતા પોલીસ ટીમ દોડી આવી હતી. આ અંગે ઓઢવ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ખૂણે ખાંચરેથી

● જાણીતા જૈન આચાર્ય મહારાજ શ્રી પદ્મસાગરતી મહારાજ સાહેબ આજે બોરીજના વિશ્વ મૈત્રીધામ ખાતે આવી પહોંચ્યા છે. ● ગાંધીનગરના કાઉન્સીલર પીન્કીબેન પટેલે આજે દબાણ અંગે પાટનગર યોજનાના અધિકારીઓ રજૂઆત સાંભળતા નહિ હોવાનો આક્ષેપ કર્યો છે. ● આજે જિલ્લા સંકલન સમિતિમાં નિવૃત્ત થતા એક્ઝી. એન્જીનીયર શ્રી આર.એ. પટેલ તથા મામલતદાર શ્રી ક્લાસવાને નિવૃત્ત જીવન સુખમય રહે તે માટે શુભેચ્છાઓ અપાઈ હતી.

Recognized by UGS & Govt. of India
• M.Sc. MLT • PGMLT
• DMLT • CMLT
• Phlebotomy
MEDI PLANET
INSTITUTE OF MEDICAL SCIENCES
Benchmark in Career Certification
H.O. Samvedna 9-B, Naranpura, Ahmedabad. (Gujarat)
Ph. 079 27911305, 9998969262
www.mediplanet.org • e-mail : mediplanet.gmail.com
BRANCH
Shraddhadeep
Pathology Laboratory & Blood Bank
Gh-4, Sector No. 16, B/h Bank of India, Gandhinagar
Ph. : 079 - 23222777, 9824833440, 98258 84840

TMT BARS - ISI
BENELAVE
FIXIT
TATA
STEEL • PIPES • SHEETS
ashirvad
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

NRE TMT
અલ્ટ્રાટેક
શ્રી વૈષ્ણી ટ્રેડર્સ

જિલ્લામાં ૭૮ કાઉન્ટર્સ, બિલ્ડર્સ અને એન્જિનિયરનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
દેશ કી શાન
કામધેનુ TMT સ્ટીલ
FE 415 / 500 - ઈન્ટરનેશનલ ક્વોલીટી
અલ્ટ્રાટેક
સ્ટોકિસ્ટ
Build the trust
Since 1983
કૈલાસ ટ્રેડર્સ
Steel Tiger
(લોદરા વાળા)
ગોડાઉન
સ્ટીલ સ્ટેશન
ખ-૨ ચોકડી
સેક્ટર-૪સી કોર્નર
૬૩૩/૨, સેક્ટર : ૩/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૭૩૮૯ / ૬૫૭૨૩૮૦૧ મો. ૯૮૨૫૯ ૪૭૮૭૮ / ૯૮૯૮૦ ૬૧૮૪૫ / ૯૯૯૮૪ ૭૩૨૦૦

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com